

બ્લોગ અને વેબસાઇટ પરથી સંકલિત

# ધૂન સંગ્રહ






સંકલન: ડી.પી પરમાર

ધામેલ પે સેન્ટર શાળા

તમે ઘેલા બનો એક ગોવિંદમાં,
એક ગોવિંદમાં એક માધવમાં.
કોઈ ઘેલા બન્યા છે તન ને ધનમાં
કોઈ ઘેલા બન્યા છે રૂપ ને રંગમાં,
તમે ઘેલા બનો એક ગોવિંદમાં

અંતરની ભકિત પુકારે,
આવો પ્રભુ સાંજ સવારે.
દુનિયા લાગે છે મને અંધારો કૂવો,
કૂવામાંથી કોણ બચાવે ? આવો...
માતા પિતા ને વળી કુટુંબ કબીલો
અંત સમય કોઈ ન બચાવે. આવો...

મીરાં હો ગઈ રે, મીરાં હો ગઈ રે
મીરાં હો ગઈ દિવાની, મીરાં હો ગઈ રે
શ્યામના મંદિરમાં મીરાં ઢોલકી બજાવે,
ઢોલકીના નાદે મીરાં શ્યામને રીઝાવે...મીરાં
શ્યામના મંદિરમાં મીરાં મંજીરા બજાવે,
મંજીરાના નાદે મીરાં શ્યામને રીઝાવે...મીરાં

તારો છે આશરો ને તારો આધાર
કૃષ્ણ કનૈયા બંસી બજૈયા
નિર્ધન નરસૈયો ને વેવાઈ ધનવાન
કૃષ્ણ કનૈયા બંસી બજૈયા
લાજ જશે મારી તો તું છે ગુનેગાર
કૃષ્ણ કનૈયા બંસી બજૈયા
તારો છે આશરો....

આંખો પવિત્ર રાખ સાચું તું બોલ
ઈશ્વર દેખાશે તને પ્રેમળનો કોલ
સત્ય એજ પરમેશ્વર બાપુનો બોલ
તારામાં પરમેશ્વર છે કે નહીં શોધ

શ્રી કૃષ્ણ ગોવિંદ હરે મુરારી
હે નાથ નારાયણ વાસુદેવા

ગોવિંદ જય જય ગોપાલ જય જય
રાધારમણ હરિ ગોવિંદ જય જય

તૂટ જાયેના માલા કભી પ્રેમ કી
વરના અણમોલ મોતી બિખર જાયેગે

આપ માનો ન માનો ખુશી આપકી,
હમ મુસાફિર હૈ કલ અપને ઘર જાયેગે

દિન રાત સુગંધ રહે ફૂલમા
પ્રભુ એમ રહો અમ અંતરમાં

અમ અંતરમાં અમ જીવનમાં
પ્રભુ એમ રહો અમ અંતરમાં

શુભ મંગલ હો, શુભ મંગલ હો.
શુભ મંગલ મંગલ મંગલ હો... શુભ.
નભ મંગલ હો, ભૂમિ મંગલ હો,
ધરતી કા કણ કણ મંગલ હો... શુભ.
ગતિ મંગલ હો, સ્થિતિ મંગલ હો
જીવન કી ક્ષણ ક્ષણ મંગલ હો... શુભ.
મતિ મંગલ હો, પ્રીતિ મંગલ હો
માનવ કી હર કૃતિ મંગલ હો... શુભ.

ઓ ફૂલ ખિલેલા ગર્વ ના કર તું
તારી દશા બદલાઈ જશે.
બદલાઈ જશે કરમાઈ જશે.
કરમાઈ જશે સુકાઈ જશે,
ચૂંટાઈ જશે ચૂંથાઈ જશે,
તું ફૂલનું જીવન સમજી જજે
તો તારું જીવન સમજાઈ જશે.ઓ ફૂલ ખિલેલા.

કામ કરે જા, કામ કરે જા,
બદલાની આશા વિના કામ કરે જા
રામ રટે જા, રામ રટે જા,
સાચા હૃદયથી તું રામ રટે જા.
આવશે જરૂર, આવશે જરૂર.
ઉપરવાળો રામ આવશે જરૂર.
સાંભળશે જરૂર, સાંભળશે જરૂર.
તારી વાત એક દી, સાંભળશે જરૂર.

શંકર જિસકા નામ હૈ, કૈલાસ ઉસકા ધામ હૈ
ડમરુ બજાને વાલે કો વારંવાર પ્રણામ હૈ
રામ જિસકા નામ હૈ અયોધ્યા ઉસકા ધામ હૈ
વનવાસ જાનેવાલેકો વારંવાર પ્રણામ હૈ
કૃષ્ણ જિસકા નામ હૈ ગોકુલ ઉસકા ધામ હૈ
બંસરી બજાનેવાલે કો વારંવાર પ્રણામ હૈ

વેંત ભરીને એક વાંસનો કટકો
તેની વ્હાલે વાંસળી બનાવી રે
હાલો જોવાને જઈએ.
ગોકુળમાં ઘડાવી વ્હાલે મથુરા મઢાવી,
દ્વારકામાં હીરલે જડાવી રે
હાલો જોવાને જઈએ....વેંત

સીતારામ સીતારામ બોલ, એમાં કલ્યાણ છે.
એમાં કલ્યાણ છે ને વૈકુંઠ જવાય છે.
રાધેશ્યામ રાધેશ્યામ બોલ, એમાં કલ્યાણ છે.
શબરીએ રટયા રામ, મીરાંએ ધનશ્યામ.
નરસિંહે નંદનો કિશોર, એમાં કલ્યાણ છે.

બોલો બંસરીધારીનો જય જયકાર,
શ્યામ સુંદરહરિનો જય જયકાર,
બોલો બંસરીધારીનો જય જયકાર

જો જરા જો, જો જરા જો
જોને પેલો દીવો બળે તે જરા જો
પારકાની સેવા માટે એ તો બળે જો -જો જરા જો (૨)
જોને પેલું ઝાડ ઊભું તે જરા જો
પારકાની સેવા માટે એ ઊભું જો - જો જરા જો (૨)
જોને પેલી નદી વહે તે જરા જો
પારકાની સેવા માટે એ વહે જો - જો જરા જો (૨)

શ્રીમન નારાયણ, શ્રીમન નારાયણ (૨)
શ્રીમન નારાયણ નારાયણ નારાયણ
હરિ બોલ હરિ ઓમ, હરિ બોલ હરિ ઓમ

સૂર્ય નારાયણ ચંદ્ર નારાયણ (૨)
પૃથ્વી નારાયણ નારાયણ નારાયણ
હરિ બોલ હરિ ઓમ, હરિ બોલ હરિ ઓમ

માતા નારાયણ પિતા નારાયણ (૨)
ગુરુ નારાયણ નારાયણ નારાયણ
હરિ બોલ હરિ ઓમ, હરિ બોલ હરિ ઓમ

કનૈયા લે કનૈયા લે મધુરી મોરલી તારી (૨)

હસેલાને રડાવે છે રડેલાને હસાવે છે
કનૈયા લે કનૈયા લે મધુરી મોરલી તારી

ભૂલેલાને સ્મરણ તારું સુપંથે દોરનારું છે
કનૈયા લે કનૈયા લે મધુરી મોરલી તારી

અજબ લીલા પ્રભુ તારી સબંધો જોડનારી છે
કનૈયા લે કનૈયા લે મધુરી મોરલી તારી

ઘૂંટી લ્યો તમે ઘૂંટી લ્યો
હૃદયમાં રામનામ ઘૂંટી લ્યો
આનંદનો બાગ છે ને
આનંદના ફૂલ છે
વ્હાલું લાગે એને ચૂંટી લ્યો
હૃદયમાં રામનામ ઘૂંટી લ્યો

યહ નહી તેરા યહ નહી મેરા
ઇશ્વરકા યહ રાજ્ય હે,
ઇશ્વરકા જલ, ઇશ્વરકા ફલ
ઇશ્વરકા હી અનાજ હે,
ફોગટ ખાવે ચોર કહાવે
ગીતાકી આવાજ હે...

હરિ તારા નામ છે હજાર
કયા નામે લખવી કંકોત્રી
રોજ રોજ બદલે મુકામ
કયા નામે લખવી કંકોત્રી
કોઈ તને રામ કહે , કોઈ ઘનશ્યામ કહે
કોઈ કહે નંદનો કિશોર
કયા નામે લખવી કંકોત્રી
મથુરામાં મોહન તુ ગોકુળમાં ગોવાળીયો
દ્વારકામાં રાજા રણછોડ
કયા નામે લખવી કંકોત્રી
નરસિંહ મહેતાના સ્વામિ શામળિયો
મીરાના ગીરધર ગોપાલ
કયા નામે લખવી કંકોત્રી

ક્યાં વસે તુલસી ને ક્યાં વસે રામ,
ક્યાં રે વસે મારા શ્રી ભગવાન ?
આંગણ વસે તુલસી ને મંદિર વસે રામ
હૃદય માં વસે મારા શ્રી ભગવાન

શું પહેરે તુલસી ને શું પહેરે રામ,
શું રે પહેરે મારા શ્રી ભગવાન ?
પાન પહેરે તુલસી ને વાઘા પહેરે રામ,
મુગટ પહેરે મારા શ્રી ભગવાન

શું જમે તુલસી ને શું જમે રામ,
શું રે જમે મારા શ્રી ભગવાન ?
દૂધ જમે તુલસી ને દહીં જમે રામ,
માખણ જમે મારા શ્રી ભગવાન.

રાધા ઢુંઢ રહી કિસીને મેરા શ્યામ દેખા
શ્યામ દેખા ઘનશ્યામ દેખા
રાધા ઢુંઢ રહી........

રાધા તેરા શ્યામ હમને મથુરામે દેખા
બંસી બજાતે હુએ રાધા તેરા શ્યામ દેખા
રાધા ઢુંઢ રહી........

રાધા તેરા શ્યામ હમને ગોકુલમે દેખા
ગૈયા ચરાતે હુએ રાધા તેરા શ્યામ દેખા
રાધા ઢુંઢ રહી........

રાધા તેરા શ્યામ હમને વૃંદાવન મે દેખા
રાસ રચાતે હુએ રાધા તેરા શ્યામ દેખા
રાધા ઢુંઢ રહી........

રાધા તેરા શ્યામ હમને વૈષ્ણવજનમે દેખા
રાધેરાધે જપતે હુએ ઓ રાધા તેરા શ્યામ દેખા
રાધા ઢુંઢ રહી........

હાં રે મારા શંકર ભગવાન રે,
તમારે ધામ રે, હું કેમ આવું એકલો.....

હાં રે ત્યાં તો કાંટા ને કાંકરા,
લાગે મને આકરા, હું કેમ આવું
એકલો.....

હાં રે ત્યાં તો નદીયુંના નીર રે
લાગે મને તીર રે, હું કેમ આવું
એકલો.....

હાં રે ત્યાં તો ઝાડી ને ઝાંખરા,
લાગે મને આકરા રે, હું કેમ આવું
એકલો.....

ભજી લે, ભજી લે, ભજી લે પ્રભુનામ,
ઓ માયાના માનવી, ભજી લે પ્રભુનામ.
ફૂલવાડીનો માળી આવી ફૂલડાં વીણી જાય છે.
કોણ જાણે કયારે આવે, કયારે વીણી જાય છે? ...ઓ:
જળ ભરેલી વાદળી ગગનમાં ઝોલાં ખાય છે
કોણ જાણે કયારે આવી કયારે વરસી જાય છે? ...ઓ:

શ્રી મન્નનારાયણ નારાયણ નારાયણ.
લક્ષ્મીનારાયણ નારાયણ નારાયણ.
બદરીનારાયણ નારાયણ નારાયણ.
સત્યનારાયણ નારાયણ નારાયણ.
સ્વામિનારાયણ નારાયણ નારાયણ.

રામધૂન લાગી ગોપાલધૂન લાગી
કબીરાની વાણી સૂણી રામધૂન લાગી.
સત્યધૂન લાગી સેવાધૂન લાગી
ગાંધીજીની વાણી સૂણી સત્ય ધૂન લાગી.

જશોદાનો કાનો મને ના બોલાવે,
મને ના બોલાવે, મારે મંદિરિયે ના આવે.
...જશોદાનો કાનો....
ગાયો ચારવા જાઉ ત્યારે પાછળ પાછળ આવે
વગર કીધે રે મારી ગાવલડી ચરાવે.
...જશોદાનો કાનો...

હર હર શંભુ ભોળા તમારી ધૂન લાગી
તારી ધૂન લાગી ભોળા તારી ધૂન લાગી

ડાક ડમરુ વાળા તમારી ધુન લાગી
ગળે સર્પ કાળા તમારી ધૂન લાગી
તારી ધૂન લાગી ભોળા તારી ધૂન લાગી

ગણેશજીના પિતા તમારી ધૂન લાગી,
પાર્વતીના પ્યારા તમારી ધૂન લાગી.
તારી ધૂન લાગી ભોળા તારી ધૂન લાગી

કૈલાસે વસનારા તમારી ધૂન લાગી,
ભક્તોના દુખ હરનારા તમારી ધૂન લાગી.
તારી ધૂન લાગી ભોળા તારી ધૂન લાગી

ખંભે ત્રિશુલવાળા તમારી ધૂન લાગી
જટામાં ગંગા ધારા તમારી ધૂન લાગી
તારી ધૂન લાગી ભોળા તારી ધૂન લાગી

લાંબી જટા વાળા તમારી ધૂન લાગી
અંગે ભસ્મ વાળા તમારી ધૂન લાગી.
તારી ધૂન લાગી ભોળા તારી ધૂન લાગી

અચ્યુતમ કેશવમ કૃષ્ણ દામોદરમ
રામ નારાયણમ જાનકી વલ્લભમ

કૌન કહેતે હૈ ભગવાન આતે નહી
તુમ મીરાકે જૈસે બુલાતે નહી
-અચ્યુતમ કેશવમ

કૌન કહેતે હૈ ભગવાન ખાતે નહી
બેર શબરીકે જૈસે ખીલાતે નહી
-- અચ્યુતમ કેશવમ

કૌન કહેતે હૈ ભગવાન સોતે નહી
મા યશોદાકી જૈસે સુલાતે નહી
-- અચ્યુતમ કેશવમ

કૌન કહેતે હૈ ભગવાન નાચતે નહી
ગોપીયોંકી તરહા તુમ નચાતે નહીં
-- અચ્યુતમ કેશવમ

બગીચામાં ખીલ્યા છે ફૂલ કે ફૂલડા કોને ચડાવશું.

રામને ચડાવશું કે સીતાને ચડાવશું
રામ ગયા છે વનવાસ કે ફૂલડા કોને ચડાવશું.
બગીચામાં ખીલ્યા છે ફૂલ...

શંકરને ચડાવશું કે ઉમિયાને ચડાવશું
શંકર ગયા છે કૈલાસ કે ફૂલડા કોને ચડાવશું.
બગીચામાં ખીલ્યા છે ફૂલ...

કૃષ્ણને ચડાવશું કે રાધાને ચડાવશું
કૃષ્ણ ગયા છે ગોકુળ કે ફૂલડા કોને ચડાવશું.
બગીચામાં ખીલ્યા છે ફૂલ...

ફૂલોથી મહેકે છે બાગ કે ફૂલડા કોને ચડાવશું.

હાં રે માતા દેવી સરસ્વતી, દેવી સરસ્વતી
વંદે છે તારા બાળકો

હાં રે માતા ફૂલડાની માળા, ફૂલડાની માળા
પહેરાવે નાના બાળકો.

હાં રે માતા એટલી વિનંતી, એટલી વિનંતી
વિદ્યાના પાઠ અમને શીખવો

હાં રે માતા દેવી સરસ્વતી દેવી સરસ્વતી
વંદે છે તારા બાળકો

કૃષ્ણ કૃષ્ણ બોલીને ધૂન
મચાવો
એવા સુંદર શામળીયાની ધૂન
મચાવો

ગોકુળ એનું ગામ છે ને
કૃષ્ણ એનું નામ છે
માતા એની દેવકીને પિતા
વાસુદેવ છે

ટૂંકું ટચૂકડું નામ રામ, રામ નામ બોલો
ટૂંકું ટચૂકડું નામ રામ, રામ નામ બોલો

રામનામ બોલો તમે સીતારામ બોલો (૨)
ટૂંકું ટચૂકડું નામ રામ......

અંતરમાં આપશે આરામ રામ, રામ નામ
બોલો(૨)
ટૂંકું ટચૂકડું નામ રામ...

સાચી વાણીમાં શ્રી રામ સાચા વર્તનમાં શ્રી રામ
જનસેવાથી પામીશું પ્યારા રામ રામ રામ
ગૌસેવાથી પામીશું પ્યારા રામ રામ રામ
બાળસેવાથી પામીશું પ્યારા રામ રામ રામ
સાચી વાણીમાં શ્રી રામ સાચા વર્તનમાં શ્રી રામ

અંજનીના જાયા બજરંગી બાબા,
બોલાવે તમારા બાળ, હનુમાન દર્શન આપોને..

તેલ ચઢે ને સિંદૂર ચઢે છે,
ચઢે છે આંકડાની માળ, હનુમાન દર્શન આપોને..

છલાંગ મારી કુદ્યા સમંદર,
સીતાજીની શોધ કરનાર, હનુમાન દર્શન આપોને..

નાના બાલુડા પાયે પડીને,
વિનવે વારંવાર, હનુમાન દર્શન આપોને..

---

કૃષ્ણ કૃષ્ણ બોલો સમય વીતી જાય છે
આજ બોલું કાલ બોલું, કાલ કેમ થાય છે

માતા પિતાની આજ્ઞા પાળી રામ વનમાં જાય છે
રામ વનમાં જાતા દશરથના પ્રાણ જાય છે

કમળ ઉપર ભમર બેઠું કમળનો આધાર છે
કમળ બીડાઈ જાતા ભમરનો નાશ થાય છે

મૂળ વિનાનું ઝાડ એને પવનનો આધાર છે
પવન થંભી જાતા કાયાનો નાશ થાય છે

કૈલાસમાં ડમરું ડમ ડમ વાગે
શિવજીના ત્રણ લોક જાગે રે ડમરું ડમ ડમ વાગે....

આકાશમાંથી સૂર્યદેવ આવ્યા
સૂર્યને વેદ ભણાવે રે ડમરું ડમ ડમ વાગે....

પાતાળમાંથી શેષનાગ આવ્યા
નાગણીઓને વેદ ભણાવે રે ડમરું ડમ ડમ વાગે....

વિષ્ણું તે લોકમાંથી વિષ્ણુદેવ આવ્યા
વિષ્ણુને વેદ ભણાવે રે ડમરું ડમ ડમ વાગે....

આકાશમાંથી અપ્સરાઓ આવી
શિવજીને ફૂલડે વધાવે રે ડમરું ડમ ડમ વાગે....

---

શબરી રામ વિયોગે વનમાં ઉભી એકલી રે
ક્યારે આવે મારો રામ, ક્યારે આવે મારો રામ
શબરી રામ વિયોગે...

એ તો વનવગડાના પશુ પંખીને પૂછતી રે
કોઈએ જોયો મારો રામ, ક્યાંયે જોયો મારો રામ
શબરી રામ વિયોગે...

એ તો વનવગડાના ઋષિ મુનિને પૂછતી રે
ક્યારે આવે મારો રામ, ક્યારે આવે મારો રામ
શબરી રામ વિયોગે...

શંકરનું ડમરુ બોલે છે, રઘુપતિ રાઘવ રાજારામ
નારદની વીણા બોલે છે, શ્રીમન્નારાયણનું નામ

અર્જુનનું ગાંડીવ બોલે છે, રક્ષા કરજો હે ભગવાન
શબરીના બોરાં બોલે છે, પતિત પાવન સીતારામ

વિદુરની ભાજી બોલે છે, ભક્તવત્સલ હે ભગવાન
કૃષ્ણની બંસી બોલે છે, રાધે રાધે પ્યારું નામ

મીરાના પાયલ બોલે છે, મેરે તો ગિરિધર ગોપાલ
તુલસીનું માનસ બોલે છે, શ્રી રામ જય રામ જય

---

છાના રહોને નંદલાલ રમવા આપું રમકડાં
છાના રહોને નંદલાલ રમવા આપું રમકડાં

નાની શી હોડી ને નાની શી જમના
નાનો ઘોડાનો હાંકનાર રમવા આપું રમકડાં
છાના રહોને નંદલાલ...

તમને પરણાવું કાન ગોકુળની રાધા
માથે આ ટોપી ને પચરંગી વાઘા
ભાવે જમોને કંસાર રમવા આપું રમકડાં
છાના રહોને નંદલાલ...

भगवान तुम्हारे मंदिरमे
एक नया पुजारी आया हे ।

हाथोंमें फूलोंकी माला है
वो तुम्हे चढ़ाने आया है
भगवान तुम्हारे मंदिरमे....

हाथोंमें भोजनकी थाली है
वो तुम्हे खिलाने आया है
भगवान तुम्हारे मंदिरमे....

हाथोंमें जलका लोटा है
वो पानी पिलाने आया है
भगवान तुम्हारे मंदिरमे....

हाथोंमें उसके कम्बल है
वो तुम्हे सुलाने आया है
भगवान तुम्हारे मंदिरमे....

ભાવ થકી ભજવા ભગવાન
સુખ દુઃખ આવે સંસારમાં..

દુઃખથી ના ડરવું,
હિંમત ના હારવી,
શિવજીને સોંપ્યા સુકાન,
સુખ દુઃખ આવે સંસારમાં..
ભાવ થકી ભજવા...

કોઈ દિન આંગણિયે
લગ્નની તૈયારી
કોઈ દિન રુદીયામાં ઘાવ,
સુખ દુઃખ આવે સંસારમાં..
ભાવ થકી ભજવા...

કોઈ દિન જમવામાં
મેવા ને માવા,
કોઈ દિન કરીયે ઉપવાસ,
સુખ દુઃખ આવે સંસારમાં..
ભાવ થકી ભજવા...

મીઠી મારી આંખડીના તારા,
ઓ રામ લાગો છો પ્યારા
પ્રાણ થકી પ્યારા પ્રભુ લાગો છો ન્યારા,
મીઠી મારી....

રાજા દશરથને ઘરે જન્મ તમે લીધો
પિતાજીના બોલ પાળનારા
ઓ રામ લાગો છો પ્યારા
મીઠી મારી....

વાલી વાનરનો વધ તમે કીધો
સુગ્રીવને સહાય કરનારા
ઓ રામ લાગો છો પ્યારા
મીઠી મારી....

સતી સીતાને મોહ થયો ત્યારે
માયાવી મૃગ મારનારા
ઓ રામ લાગો છો પ્યારા
મીઠી મારી....

અહલ્યાબાઈનો ઉદ્ધાર કીધો
શાબરીના બોર જમનારા
ઓ રામ લાગો છો પ્યારા
મીઠી મારી....

વીર હનુમંતને અમ્મર કીધા
જટાયુને મોક્ષ આપનારા
ઓ રામ લાગો છો પ્યારા
મીઠી મારી....

રાજા રાવણનો વધ તમે કીધો
વિભિષણને રાજ આપનારા
ઓ રામ પ્રાણ થકી પ્યારા
મીઠી મારી....

રામ તારા ઊંચા છે ધામ,
કેમ કરી આવું હું પાંગળો,
દૂર દૂર તારો મુકામ,
કેમ કરી આવું હું પાંગળો.

ચડતા ચડાય નહીં,
જરીયે ચલાય નહી,
નથી મારા હૈયામાં હામ,
કેમ કરી આવું હું પાંગળો.
રામ તારા ઊંચા છે ધામ...

મંત્ર તંત્ર જંત્ર નથી,
બુદ્ધિ સ્વતંત્ર નથી,
નથી એવા ઉંચેરા કામ,
કેમ કરી આવું હું પાંગળો.
રામ તારા ઊંચા છે ધામ...

જપ તપ કે ભક્તિ નથી,
બીજી કોઈ શક્તિ નથી,
નથી લીધું તારું મેં નામ,
કેમ કરી આવું હું પાંગળો.
રામ તારા ઊંચા છે ધામ...

ગરીબ બાળ હું,
દિન નો દયાળ તું,
ઝંખના દિવસને રાત,
કેમ કરી આવું હું પાંગળો.
રામ તારા ઊંચા છે ધામ...

ચોરી ચોરી માખન ખાય ગયો રે
પેલો છોરો ગોવાળીયો

મૈને ઉસે પુછા કી નામ તેરા ક્યા હૈ
કિશન કનૈયા બતાઇ ગયો રે
પેલો છોરો ગોવાળિયો
ચોરી ચોરી............

મૈને ઉસે પુછા કી ગાઁવ તેરા ક્યા હૈ
ગોકુલ મથુરા બતાઈ ગયો રે
પેલો છોરો ગોવાળિયો
ચોરી ચોરી............

મૈને ઉસે પુછા કી ખાના તેરા ક્યા હૈ
માખન મીસરી બતાઈ ગયો રે
પેલો છોરો ગોવાળિયો
ચોરી ચોરી............

મૈને ઉસે પુછા કી માતા પિતા કૌન હૈ
નંદ જશોદા બતાઈ ગયો રે
પેલો છોરો ગોવાળિયો
ચોરી ચોરી............

મૈને ઉસે પુછા કી પ્યારી તેરી કૌન હૈ
રાધા રાનીજી બતાઈ ગયો રે
પેલો છોરો ગોવાળિયો
ચોરી ચોરી............

તાળી પાડીને રામ નામ બોલજો રે
એવા અંતરના પડદા ખલજો રે
તાળી પાડીને રામ નામ બોલજો રે.

જેમ ખેતરમાં દાણા વવાય છે
તેમાં પંખીડા ચણી ચણી જાય છે રે
તાળી પાડીને રામ નામ બોલજો રે.

જીવનરૂપી આ ખેતર માનજો રે
પુણ્યરૂપી દાણા તેમાં વાવજો રે
પછી પાપરૂપી પંખી ઉડાડજો રે
તાળી પાડીને રામ નામ બોલજો રે.

તાળી પાડતા જે જીવ શરમાય છે રે
તેનો આખો અવતાર એળે જાય છે રે.
તાળી પાડીને રામ નામ બોલજો રે.

તાળી પાડી નરસિંહ મહેતા નાગરે રે
એની હૂંડી સ્વીકારી કોરા કાગળે રે
તાળી પાડીને રામ નામ બોલજો રે.

કભી રામ બનકે કભી શ્યામ બનકે
ચલે આના પ્રભુજી ચલે આના

તુમ રામ રૂપ મે આના
સીતા સાથ લે કે ધનુષ હાથ લે કે
ચલે આના પ્રભુજી ચલે આના
કભી રામ બનકે...

તુમ શ્યામ  રૂપ મે આના
રાધા સાથ લે કે બંસરી હાથ લે કે
ચલે આના પ્રભુજી ચલે આના
કભી રામ બનકે...

તુમ વિષ્ણુ રૂપ મે આના
લક્ષ્મી સાથ લે કે ચક્ર હાથ લે કે
ચલે આના પ્રભુજી ચલે આના
કભી રામ બનકે...

ગુરુજીના નામની હો માળા છે ડોકમાં
નારાયણ નામની હો માળા છે ડોકમાં

જુઠુ બોલાય નહી ખોટુ લેવાય નહી
અવળુ ચલાય નહી માળા છે ડોકમાં
ગુરૂજીના.........

ક્રોધ કદી થાય નહી પરને પીડાય નહી
કોઈને દુભાય નહી હો માળા છે ડોકમાં
ગુરૂજીના.........

સુખમાં છલકાય નહી દુખમાં રડાય નહી
ભક્તિ ભુલાય નહી હો માળા છે ડોકમાં
ગુરૂજીના.........

ધન સંગ્રાય નહી , એકલા ખવાય નહી
ભેદ રખાય નહી હો માળા છે ડોકમાં
ગુરૂજીના.........

બોલ્યુ બદલાય નહી ટેકને ત્યજાય નહી
છાનુ ખવાય નહી હો માળા છે ડોકમાં
ગુરૂજી.........

હરિ દેવાનંદ કહે સત્ય ચુકાય નહી
નારાયણ વિસરાય નહી હો માળા છે ડોકમાં
ગુરૂજી........

તાલી પાડો તો મારા તો મારા રામ ની રે બીજી તાળી ના હોય જો
વાતુ કરો તો મારા રામ ની રે બીજી વાતું ના હોય જો

સમરણ કરો તો સીતારામ ના રે બીજા સમરણ ના હોય જો
તાલી પાડો તો મારા તો મારા રામ ની રે બીજી તાળી ના હોય જો

બચપણ બચપણ માં ઘણો ફેર છે રે બચપણ કોને કહેવાય જો
બચપણ માં પ્રહલાદ ને નરસિંહ મળ્યા રે એને બચપણ કહેવાય જો
તાળી પાડો તો રામ ની રે બીજી તાળી ના હોય જો

યુવાની યુવાની ફેર છે રે યુવાની કોને કહેવાય જો
યુવાની માં મીરા બાઈ ને શામ મળ્યા રે યુવાની એને કહેવાય જો
વાતું કરો તો રામ ની રે બીજી વાતું ના હોય જો
વાતું કરો તો મારા શામ ની રે બીજી વાતું ના હોય જો

ઘડપણ ઘડપણ ઘણો ફેર છે રે ઘડપણ કોને ઘડપણ કહેવાય જો
ઘડપણ માં સબરી બાઈ ને રામ મળ્યા રે એને ઘડપણ કહેવાય જો
સમરણ કરો તો સીતારામ ના રે બીજા સમરણ ના હોય જો

ભાઈબંધ માં ભાઈબંધ માં ઘણો ફેર છે રે કોને ભાઈબંધ કહેવાય જો
ભાઈબંધ માં સુદામા ને કૃષ્ણ મળ્યા રે એને ભાઈબંદ કહેવાય જો
તાલી પાડો તો મારા તો મારા રામ ની રે બીજી તાળી ના હોય જો

દુશમન દુશમન ઘણો ફેર છે રે કોને દુશમન કહેવાય જો
દુશમન માં રાવણ ને રામ મળ્યા રે એને દુશમન કહેવાય જો
વાતું કરો તો રામ ની રે બીજી વાતું ના હોય જો
વાતુ કરો તો મારા શામ ની રે બીજી વાતું ના હોય જો

નીતિ નીતિ માં ઘણો ફેર છે રે નીતિ કોને કહેવાય જો
નીતિ માં વિદુરજી ને ક્રિષ્ના મળ્યા રે એને નીતિ કહેવાય જો
સમરણ કરી લો સીતારામ ના રે બીજા સમરણ ના હોય જો

મરણ મરણ માં ઘણો ફેર છે રે મરણ કોને કહેવાય જો
મરણ માં જટાયુ ને રામ મળ્યા રે એને મરણ કહેવાય જો
તાળી પાડો તો મારા રામ ની રે બીજી તાળી ના હોય જો

સેવા સેવા માં ઘણો ફેર છે સેવા કોને કહેવાય જો
સેવા માં હનુમાન ને રામ મળ્યા રે સેવા એને કહેવાય જો
તાળી પાડો તો મારા રામ ની રે બીજી તાલી ના હોય જો
વાતુ કરો તો મારા રામ ની બીજી વાતું ના હોય જો
સમરણ કરો તો મારા સીતારામ નું રે

તાલી પાડો તો મારા તો મારા રામ ની રે બીજી તાળી ના હોય જો
વાતુ કરો તો મારા રામ ની રે બીજી વાતું ના હોય જો